હુકમ ક્રમાંક નપાનિ/મહેકમ-૧/મહેમદાવાદ/ફા.નં ૧૧૭૭/વશી.        /૨૦૧૭

નિયામક નગરપાલિકાની કચેરી

બ્લોક નંબર ૧૪/૩, ત્રીજો માળ,

ડો. જીવરાજ મહેતા ભવન,

સચિવાલય ગાંધીનગર

તા.૨૫ /૦૯/૨૦૧૭

વંચાણે લીધા :

1. નિવાસી અધિક કલેક્ટરશ્રી ખેડા-નડીયાદના પત્ર ક્રમાંક એમયુએન/મહેમદાવાદ/વશી/ ૧૦૬૩/૧૪, તા.૨૮/૦૮/૨૦૧૪ તથા પત્ર ક્રમાંક એમયુએન/મહેમદાવાદ/વશી/ ૩૨૭૨/૧૪, તા.૨૯/૧૨/૨૦૧૪
2. ચીફ ઓફીસરશ્રી મહેમદાવાદ નગરપાલિકાના પત્ર ક્રમાંક એમયુએન/મહેમદાવાદ/વશી /૭૫. તા.૦૩/૦૫/૨૦૧૪, પત્ર નં ૬૬૦, તા.૧૯/૧૧/૨૦૧૪, પત્ર નં ૧૨, તા.૦૮/૦૪/૨૦૧૫, પત્ર નં ૧૪૮, તા.૨૦/૦૫/૨૦૧૫, પત્ર નં ૩૫૦, તા.૦૧/૦૮/૨૦૧૫, પત્ર નં ૬૬૦, તા.૧૯/૧૧/૨૦૧૪, પત્ર નં ૬૦૦/૧૭-૧૮, તા.૦૨/૦૮/૨૦૧૭, પત્ર નં ,૧૭/૧૮, તા.૦૫/૦૯/૨૦૧૭,
3. નિયામકશ્રીના પરીપત્ર નં નપાની/મહેકમ/યુ.૪/વશી/૪૭૧ થી ૧૦૫૦, તા.૪/૨/૦૪.
4. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૮/૫/૦૬ ના પત્ર નંબર ઇએસટી/૧૦૨૦૦૫/૬૨૭૮/આર, તથા નગરપાલિકા નિયામકની કચેરીના પત્ર નંબર નપાની/યુ.૩/ફીક્સ પગાર/વર્ગ-૩-૪/૦૬, તા.૧૬/૫/૦૬ અને સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક ખરચ/૨૦૦૨/૫૭/ઝ-૧, તા.૧૬/૨/૦૬
5. નિયામકશ્રી નગરપાલિકાના હુકમ ક્રમાંક નપાનિ/મહેકમ-૧/ફા.નં.૧૧૧૭/મહેમદાવાદ/ ભ.બ.નિયમો/વશી.૧૯૬૭/૨૦૧૭, તા.૦૯/૦૬/૨૦૧૭.
6. મહેમદાવાદ નગરપાલિકાના સામાન્ય સભાના ઠરાવ નં. ૪૮ તા. ૧૦/૧૧/૨૦૧૪.
7. અત્રેની કચેરીના પત્ર નં નપાની /મહેકમ-૧/વર્ગ-૩-૪ ભરતી રૂબરૂ મુલાકાત/વશી.૧૭૮૪/૨૦૧૬, તા.૨૭/૦૨/૨૦૧૭.

હુકમ :

વંચાણ (૨) પરના પત્રથી ચીફ ઓફીસરશ્રી મહેમદાવાદ નગરપાલિકાએ કુલ ૪૯ જગ્યાઓ ભરવા રજુઆત કલેક્ટરશ્રી ખેડાને મોકલી આપેલ. કલેક્ટરશ્રી ખેડાએ વંચાણ (૧) પરના પત્રથી અત્રેની કચેરીએ મોકલી આપેલ છે.

સદરહુ જગ્યાઓ ભરતાં સુચિત મહેકમ ખર્ચની ટકાવારી નિયત ૪૮ ટકાની મર્યાદામાં રહેવા પામે છે તેમ ચીફ ઓફીસરશ્રી એ જણાવેલ છે. વંચાણે (૫) પરના હુકમથી મહેમદાવાદ નગરપાલિકાના ભરતી/બઢતી ના નિયમો મંજુર થયેલ છે.

ગુજરાત નગર પાલિકા અધિનીયમ ૧૯૬૩ ની કલમ ૪૭ અને કલમ ૫૦ મુજબ નગરપાલિકા તેમના કર્મચારીઓની ભરતી/બઢતી માટેની નિમણુક સતાધિકારી છે. આવી જગ્યાઓ ભરવા માટે નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત રાજ્ય ગાંધીનગર ની પુર્વ મંજુરી લેવી જરૂરી હોય, નગરપાલિકાએ દરખાસ્ત અત્રે મોકલાવેલ છે. સરકારશ્રીના ઠરાવોની શરતો ને આધીન નિયામકશ્રી આવી જગ્યાઓ ભરવા

માટે મંજુરી આપી શકે છે. આવી મંજુરી લીધા બાદ નગરપાલિકા કલમ ૫૦(૨) મુજબ કર્મચારીઓની ભરતી/બઢતી તેના મંજુર થયેલ કલમ ૨૭૧ હેઠળના નિયમો અન્વયે ભરી શકે છે.

આમ મહેમદાવાદ નગરપાલિકાની દરખાસ્ત મુજબની ૪૯ (ઓગણપચાસ) ખાલી જગ્યાઓ નીચે દર્શાવેલ શરતોને આધિન રહીને સીધી ભરતી / બઢતીથી ભરવા આથી મહેમદાવાદ નગરપાલિકાને મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનુ નામ | જગ્યાની સંખ્યા | ભરતીનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | રજીસ્ટ્રી ક્લાર્ક | | |
| ૨ | ક્લાર્ક કમ ટાઇપીસ્ટ | ૧ | સીધી ભરતી |
| ૩ | ક્લાર્ક / કોમ્પ્યુટર ઓપરેટર | ૧ | સીધી ભરતી |
| ૪ | જન્મ મરણ અને લગ્ન નોંધણી ક્લાર્ક | ૧ | સીધી ભરતી |
| ૫ | ઓડીટર | ૧ | સીધી ભરતી |
| ૬ | ક્લાર્ક કમ કેશીયર | ૧ | સીધી ભરતી |
| ૭ | ટેક્ષ ઇન્સપેક્ટર | ૧ | સીધી ભરતી |
| ૮ | ક્લાર્ક / કોમ્પ્યુ ઓપરેટર | ૧ | સીધી ભરતી |
| ૯ | વ્યવસાય વેરા ક્લાર્ક / શોપ ઇન્સપેક્ટર કમ ક્લાર્ક | ૧<br>૧ | સીધી ભરતી<br>સીધી ભરતી |
| ૧૦ | સેનેટરી ઇન્સપેક્ટર | | |
| ૧૧ | મુકાદમ | ૧ | સીધી ભરતી |
| ૧૨ | સ્વીપર (સફાઇ કામદાર) | ૧ | સીધી ભરતી |
| ૧૩ | ડ્રાઇવર | ૨૦ | સીધી ભરતી |
| ૧૪ | ક્લીનર | ૩ | આઉટ સોર્સીંગથી |
| ૧૫ | મદદ. ઇજનેર ( ડીપ્લોમા મીકેનીકલ) | ૧ | આઉટ સોર્સીંગથી |
| ૧૬ | સ્ટોર કીપર કમ ક્લાર્ક | ૧ | સીધી ભરતીથી |
| ૧૭ | વાયરમેન કમ ઇલેક્ટ્રીશીયન | ૧ | સીધી ભરતીથી |
| ૧૮ | ડ્રેનેજ સફાઇ કામદાર | ૧ | સીધી ભરતીથી |
| ૧૯ | મુકાદમ | ૭ | સીધી ભરતીથી |
| ૨૦ | ફાયર ઇન્સપેક્ટર | ૧ | સીધી ભરતીથી |
| ૨૧ | કોમ્યુનિટી ઓર્ગેનાઇઝર (સમાજ સંગઠક) | ૧ | સીધી ભરતીથી |
| ૨૨ | ક્લાર્ક | ૧ | સીધી ભરતીથી |
| | કુલ | ૧<br>૪૯ | સીધી ભરતીથી |

**શરતો :**

1. ઉપર મુજબ ની જગ્યાઓ મહેમદાવાદ નગરપાલિકાના કર્મચારીઓની ભરતી/બઢતી અને કર્મચારીઓની નોકરીની શરતો અંગેના કલમ-૨૭૧ અન્વયેના મંજુર થયેલ નિયમોની જોગવાઇઓને તેમજ માન્ય ભરતી/બઢતી પ્રક્રિયા અનુસરીને ભરવાની રહેશે. જે વખતોવખતના સરકારશ્રીના સુધારા મુજબ ભરતી /બઢતીના નિયમોમાં સુધારો મંજુર કરાવી ભરતી કરવાની રહેશે.

2. વંચાણ (૫) મા દર્શાવેલ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પત્ર ક્રમાંક ઇએસટી/૧૦૨૦૦૫/૬૨૭૮/આર, તા.૮/૫/૦૬ ના પત્ર મુજબની સીધી ભરતીની નિમણુક પાંચ વર્ષના સમયગાળા માટે ફીકસ પગારના અજમાયશી તરીકે કરવાની રહેશે.
3. આ જગ્યા પ્રવર્તમાન રોસ્ટર/અનામત અંગેની જોગવાઇઓને ધ્યાને રાખીને ભરવાની રહેશે.
4. મહેકમ ખર્ચની ટકાવારી નિયત ધોરણ ૪૮ ટકાની મર્યાદામા જાળવવાની રહેશે.
5. આ કચેરીના પરીપત્ર ક્રમાંક નં નપાની/યુ.૧/વશી/૪૦૩૫/૦૪, તા.૩/૮/૦૪ થી પરીપત્ર કરાયેલ અમરેલી નગરપાલિકાના કિસ્સામાં સ્પે.સી.એ. નંબર ૫૭૪૬/૧૯૯૯/ માં નામ.હાઇકોર્ટ ની ફુલબેંચ ધ્વારા અપાયેલ જજમેન્ટમાં દર્શાવેલ ગાઇડ લાઇનને ધ્યાને લેવાની રહેશે.
6. આ કચેરીના વંચાણ નં. ૪ ના પરીપત્ર તા. ૪/૨/૦૪ થી અપાયેલ સુચનાઓનુ પાલન કરવાનુ રહેશે.
7. શ.વિ.વિ. ના ઠરાવ ક્રમાંક ઇએસટી/૧૨૧૨/સિ.ફા.૩૦/આર તા.૦૪/૯/૨૦૧૨ ના હુકમ મુજબ અમલવારી કરવાની રહેશે.
8. મંજૂર થયેલ જગ્યાઓ ઉપર હાલના કે અગાઉના રોજમદારો/હંગામી કર્મચારીઓને સીધે સીધા સમાવી શકાશે નહી.
9. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવ અનુસાર ડ્રાઇવરની સેવાઓ આઉટ સોર્સીંગથી મેળવવાની રહેશે.
10. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૬/૧૧/૨૦૧૫ ના ઠરાવ તથા અત્રેની કચેરીના તા.૧૮/૦૬/૨૦૧૬ ના પત્ર અનુસાર ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૨૭૧ અનુસાર નિયમોનુસાર પ્રકિયા અનુસર્યા બાદ ભરવાની રહેશે.
11. વંચાણ (૭) પરના અત્રેની કચેરીના પત્ર નં નપાની /મહેકમ-૧/વર્ગ-૩-૪ ભરતી રૂબરૂ મુલાકાત/વશી.૧૭૮૪/૨૦૧૫, તા.૨૭/૦૨/૨૦૧૭ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.
12. સદરહુ દરખાસ્તમાં ભુલથી પણ જો કોઇ ખોટી માહીતી નગરપાલિકા ધ્વારા રજુ કરવામાં આવેલ હશે તો તેની અંગત જવાબદારી નગરપાલિકાની રહેશે. જેની નોંધ લેશો.

રવાના કર્યુ
નાયબ નિયામક નગરપાલિકાઓ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

સહી
(પ્રવિણા ડી.કે.)
નિયામક નગરપાલિકાઓ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,
પ્રમુખશ્રી/ચીફ ઓફીસરશ્રી,
મહેમદાવાદ નગરપાલિકા,
જિ. ખેડા.

<u>નકલ રવાના :</u>

1. કલેકટરશ્રી, ખેડા, જી ખેડા તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
2. પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકાઓ, રાજકોટ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
3. સેકશન અધિકારીશ્રી,શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
4. સીલેકટ ફાઇલે.

\\Np-1\e\Doni\Drive-1\MKM-1\Laghutam Mehkam\Mehmdavad NP.doc